# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૭ * માર્ચ, ૨૦૦૯



સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❋ જેમ કોઈ વેશ્યાસક્ત પુરુષ પોતાનું ધન લૂંટાતું હોવા છતાં હર્ષ માને છે, તેમ મિથ્યાભેષિઓ વડે ઠગાયેલો જીવ પણ પોતાના ધર્મરૂપી નિધિનો નાશ થવા છતાં તે વાત જાણતો નથી. ૧૦૮૪. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, શ્લોક-૫)*

❋ જો કોઈ ભી મનુષ્ય વિદ્વાન હૈ વે ભી કામ વ ધનકે સ્નેહ મેં તત્પર રહતે હુએ ઈસ સંસારમેં મોહિત હો જાતે હૈં, વહ મિથ્યાભાવકી મહિમા હૈ. યહ બડે ખેદકી બાત હૈ. ૧૦૮૫. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૧)*

❋ મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ-મોહભાવનો નિષેધ કરી વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા-સાંભળવા યોગ્ય છે. ૧૦૮૬. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૧, પાનું-૧૫)*

❋ જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઈ પણ, કોઈને પણ, કાંઈ પણ આપતું નથી એમ વિચારી અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું. ૧૦૮૭. *(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૩૧)*

❋ ભવભવમાં મારું સમ્યગ્દર્શન નિર્મળ રહો, ભવભવમાં હું સમાધિ કરું, ભવભવમાં ઋષિમુનિ મારા ગુરુ હો અને મનમાં ઉત્પન્ન થતાં વ્યાધિનો નિગ્રહ હો. ૧૦૮૮. *(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૨૧૦)*

❋ સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય પ્રકૃતિને (પ્રકૃતિસ્વભાવને) છોડતો નથી, જેમ સાકરવાળું દૂધ પીતાં છતાં સર્પો નિર્વિષ થતાં નથી. ૧૦૮૯. *(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૧૭)*

❋ જો પ્રાણી કષાયોંકે આતાપસે જલ રહે હૈં વહી વિષયરૂપી વિષસે મૂર્છિત હૈ તથા જો અનિષ્ટ સંયોગ વ ઈષ્ટ વિયોગસે દુઃખિત હૈ, ઉનકે લિયે યહ સમ્યગ્દર્શન પરમ હિતકારી હૈ. ૧૦૯૦. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય શ્લોક-૩૮)*

❋ જે તીવ્રમિથ્યાદૃષ્ટિ છે તેને ધર્મનું નિમિત્ત મળે તોપણ ધર્મબુદ્ધિ થતી નથી, તેમજ જે દૃઢશ્રદ્ધાની છે તેને પાપનું નિમિત્ત મળવા છતાં પાપબુદ્ધિ થતી નથી, પણ ભોળા જીવોને જ જેવું નિમિત્ત મળે તેવા પરિણામ થાય છે. ૧૦૯૧. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા, ગાથા-૨૮ ભાવાર્થ)*

વર્ષ-૩
અંક-૭




સંવત
૨૦૬૫
March
A.D. 2009

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલાં

## ❀ તત્ત્વબોધક વચનામૃત ❀

### * આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ *

આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ-તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને-પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે,—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ,-વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

શ્રીમદ્‌જીમાં આવે છે ને? કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા ને જિતેન્દ્રિયપણું તે બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માર્થી ક્યાંય રાગમાં ખેંચાય નહિ અને દ્વેષમાં ખેદાય નહિ, બધામાં મધ્યસ્થ રહે. તેને બધા રાગ-દ્વેષ છૂટી નથી જતા પણ બધો રસ

છૂટી જાય છે, બધું મર્યાદામાં આવી જાય છે. સમ્યગ્દર્શન થાય એટલે બધાથી જુદો પડી જાય અને તેને તો બધું મર્યાદામાં આવી જાય છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો રસ છૂટી ગયો છે, બધાથી ન્યારો થઈ ગયો છે અને ભેદજ્ઞાન છે તેને લઈને વધારે પડતો જોડાતો નથી, એકત્વ થતો નથી પણ જુદો જ રહે છે. તેને જ્ઞાયકતાની ધારા ચાલે છે. પાત્રતાવાળો પણ આત્મા પ્રગટ કરવો છે એટલે બધેથી રસ તોડે છે ને ક્યાંય વિશેષ તન્મય થતો નથી. કોઈ વિકલ્પોમાં કે કોઈ બહારનાં કાર્યોમાં કે કોઈપણ જાતના ઘર-કુટુંબ વગેરેમાં તે વિશેષ તન્મય થતો નથી. "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ," માત્ર મુક્તિની-મોક્ષની અભિલાષા તેને રહે છે. દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન તેને રહે છે.

## * સર્વોત્કૃષ્ટ, અનુપમ જ્ઞાયકતત્ત્વને ઓળખવા જેવું છે *

દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુદ્ધાત્મા મંગળ છે. એક શુદ્ધાત્માનું ધ્યેય રાખીને, શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? નિર્મળ પર્યાય કેમ પ્રગટે? નવીન પર્યાય કેમ પ્રગટ થાય? તે ભાવના રાખવા જેવી છે.

મારા ભાવે, મારા ધ્યાને, મારા બધા વર્તનમાં જ્ઞાયકદેવ હજો. જ્ઞાનમાં જ્ઞાયકદેવ, દૃષ્ટિમાં જ્ઞાયકદેવ, લીનતામાં જ્ઞાયકદેવ, બધે જ્ઞાયકદેવ હજો. આવે છે ને? કે "મારા ધ્યાને હજો, મારા ભાવે હજો જિનવાણ રે," તેમ મારા ધ્યાનમાં, મારા ભાવમાં, મારા મનની અંદર જ્ઞાયકદેવ હજો, શુદ્ધતામાં જ્ઞાયકદેવ હજો અને શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ હજો એવી ભાવના, એવું રટણ, એવી જિજ્ઞાસા તે બધું કરવા જેવું છે. એક શુદ્ધાત્માને લક્ષમાં રાખવાથી—તેના ધ્યેયને ઓળખવાથી નવીન પર્યાયો પ્રગટ થાય તે જ નવીનતા છે. આ નવીન વર્ષ કહેવાય તે વ્યવહારથી, પણ અંતરમાં નવીન પર્યાયો પ્રગટ થાય તે ખરી નવીનતા છે. માટે શુદ્ધાત્માનું-જ્ઞાયકદેવનું ધ્યાન રાખવું. એ જ જીવનમાં કર્તવ્ય છે, બાકી બધું ગૌણ છે. સારભૂત હોય તો એક આત્મા છે. સર્વોત્કૃષ્ટ, અનુપમ જ્ઞાયકતત્ત્વને ઓળખવા જેવું છે. ખરું આ જ કરવા જેવું છે. બસ આમાં બધું આવી ગયું.

## * પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી *

લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી સ્પષ્ટતાથી બતાવી છે પણ

પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે પણ તે પોતે કરતો નથી.

## * પરની રુચિ તોડતાં તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે *

પરની રુચિ તોડતાં તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે પણ એકત્વબુદ્ધિ તોડતાં-તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે-ખેદ થાય છે. કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવાં (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળ પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારા છે અને આ પુદ્‌ગલના છે—એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ—જે જે ભાવ આવે તે—બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

## * અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી *

જ્ઞાયકની મહિમા આવે, તેમાં સર્વસ્વતા લાગે, તેની રુચિ, શ્રદ્ધા થાય તો જીવ તે તરફ વળે છે, તે વિના વળી શકતો નથી. બહારમાં જ જેણે સર્વસ્વ માની લીધું છે

અર્થાત્ થોડી ક્રિયા ને શુભભાવ કરીને તેમાં સર્વસ્વ માની લે છે તેને આત્માની પ્રાપ્તિ (-સમ્યગ્દર્શન-સ્વાનુભૂતિ) થતી નથી.

અશુભથી બચવા શુભભાવ વચ્ચે આવે તેનાથી પુણ્ય બંધાય. પણ આત્મા તે બંનેથી ન્યારો છે તેવી શ્રદ્ધા થવી જોઈએ; અને શ્રદ્ધા થાય તો તે તરફ વળે.

અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી. તે બધે ભમ્યો, બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી; આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી.

## * ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે *

ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું-સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો-વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી-દૃઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દૃઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે-એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે-મય-તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

## * ચૈતન્યનું રટણ વારંવાર કર્યા કરવું *

પુરુષાર્થ કરવો તે પોતાના હાથમાં છે. ચૈતન્યનું રટણ વારંવાર કર્યા કરવું, થાકવું નહિ અને તેમાં ને તેમાં ઊભો રહે તો અંદરમાં પ્રવેશ થવાનો અવકાશ છે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી થાકવું નહિ. વારંવાર તેની ભાવના-રુચિ, શ્રુતનું ચિંતવન, તત્ત્વના

વિચાર, વિભાવથી વિરક્તિ, ચૈતન્યની મહિમા ને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવ્યા કરે. કાર્ય ન થાય ત્યાં સુધી ચૈતન્યને ધ્યેયમાં રાખીને તેમાં ને તેમાં રહે અને તેનું ઘૂંટણ કર્યા કરે પણ થાકે નહિ. લાંબો ટાઈમ થઈ ગયો અને અંદરમાં કાંઈ થતું નથી માટે તેનો રસ ઊડી જાય તેમ ન કરવું. વારંવાર તેની જ ભાવના કર્યા કરવી, તેની સમીપ જ રહ્યા કરવું.

## * જે પાત્ર આત્માર્થી હોય તેને પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય *

પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

જે પાત્ર આત્માર્થી હોય–જેને આત્માનું પ્રયોજન હોય–તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક–જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે તોપણ મને એક આત્મા કેમ ઓળખાય? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા–નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય તો રાગ-દ્વેષ છૂટે.

# જૈનદર્શનનું રહસ્ય : ક્રમબદ્ધપર્યાય

## ક્રમબદ્ધપર્યાય : કાનજીસ્વામી

[ડિસેમ્બર-૦૮થી ચાલુ]

[જે સમજવાથી આત્માનું હિત થાય એવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. આ 'યોગ્યતા' કહીને સમય સમયની પર્યાયની સ્વતંત્રતા બતાવાય છે તે જ ઉપદેશ ઈષ્ટ છે, આ સિવાય પરને લીધે કાંઈ થવાનું બતાવે એટલે કે પરાધીનતા બતાવે તે ઉપદેશ ઈષ્ટ નથી–હિતકારી નથી–પ્રિય નથી. સમય સમયની ક્રમબદ્ધપર્યાય બતાવીને આત્માને જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે ઉપદેશ ઈષ્ટ છે.]

### (૮૫) આ વાત કોને બેસે?

જુઓ, આ ભેદજ્ઞાન! આવી સ્પષ્ટ વાત હોવા છતાં, આ વાતને 'રોગચાળો, એકાંત' વગેરે કહીને કેટલાક વિરોધ કરે છે, કેમ કે પોતાની માનેલી ઊંધી વાતનો આગ્રહ તેમને છૂટતો નથી. અરે! ઊંધી માન્યતાને સાચી માની બેઠા છે તો તેને કેમ છોડે? પં. ટોડરમલજી પણ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહે છે કે અન્યથા શ્રદ્ધાને સત્ય શ્રદ્ધા માનતો જીવ તેના નાશનો ઉપાય પણ શા માટે કરે? આ તો જેને માન અને આગ્રહ મૂકીને આત્માનું હિત કરવું હોય—એવા જીવને બેસે તેવી વાત છે.

### (૮૬) 'કરે છતાં અકર્તા'—એમ નથી.

અહીં જે વાત કહેવાય છે તેના ઉપરથી કેટલાક લોકો સમજ્યા વગર એમ કહે છે કે "જ્ઞાની પરના કામ કરે છે ખરો પરંતુ અકર્તા છે."—પણ એ વાત જૂઠી છે. 'અકર્તા' ને વળી પાછો 'કરે' એ વાત ક્યાંથી લાવ્યો? અહીં તો એમ કહેવાય છે કે જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરનો કર્તા નથી, પરના કોઈ કામ કરી શકતો જ નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તેમાં બીજાનું કર્તાપણું છે જ નહિ. કર્તાપણું જોનાર પોતાના જ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ થઈને જુએ છે એટલે ઊંધુ દેખે છે; જ્ઞાયક રહીને દેખે તો કર્તાપણું ન માને. વસ્તુસ્વરૂપ તો જેમ છે તેમજ રહે છે, અજ્ઞાની ઊંધું માને તેથી કાંઈ વસ્તુસ્વરૂપ અન્યથા થઈ જતું નથી.

### (૮૭) 'યોગ્યતા' ક્યારે માની કહેવાય?

શ્રોતા :—એક પ્યાલામાં પાણી ભર્યું છે, પાસે અનેક જાતના લાલ–લીલા રંગ પડ્યા છે, તેમાંથી જેવો રંગ લઈને નાંખશો તેવા રંગનું પાણી થઈ જશે. તેનામાં યોગ્યતા

તો બધી જાતની છે, પણ જે રંગનું નિમિત્ત આપશો તે જ રંગનું તે થશે. માટે નિમિત્ત પ્રમાણે કાર્ય થાય છે! ભલે થાય તેની યોગ્યતાથી, પણ જેવું નિમિત્ત આવે તેવું થાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ! તારી બધી વાત ઊંધી છે. યોગ્યતા કહેવી ને વળી નિમિત્ત આવે તેવું થાય–એમ કહેવું, એ વાત વિરુદ્ધ છે. નિમિત્ત આવે તેવું થાય એમ માનનારે 'યોગ્યતા' માની જ નથી એટલે કે વસ્તુના સ્વભાવને માન્યો જ નથી. પાણીના પરમાણુઓમાં જે સમયે જેવી લીલા કે લાલ રંગરૂપે થવાની યોગ્યતા છે તે જ રંગરૂપે તે પરમાણુઓ સ્વયં ઊપજે છે, બીજો નિમિત્ત લાલ-લીલો રંગ લાવી શકે કે તેમાં ફેરફાર કરી શકે—એમ નથી. અરે! રંગના પરમાણુ જુદા ને પાણીના પરમાણુ પણ જુદા, એટલે નિમિત્ત આવ્યું માટે પાણીના પરમાણુઓનો રંગ બદલ્યો એમ પણ નથી, પાણીના પરમાણુઓ જ સ્વયં પોતાની તેવી રંગ અવસ્થાપણે પરિણમ્યા છે.

લોટના પરમાણુઓમાંથી રોટલીની અવસ્થા હોશીયાર બાઈએ બનાવી—એમ નથી, પણ સ્વયં તે પરમાણુઓ જ તે અવસ્થારૂપે ઊપજ્યા છે.—એ વાત પણ ઉપરના દૃષ્ટાંત પ્રમાણે સમજી લેવી.

સ્કંધમાં રહેલો દરેક પરમાણુ સ્વતંત્રપણે પોતાની ક્રમબદ્ધયોગ્યતાથી પરિણમે છે; સ્કંધના બીજા પરમાણુઓને લીધે તે સ્થૂળપણે પરિણમ્યો એમ નથી પણ તેનામાં જ સ્થૂળરૂપે પરિણમવાની સ્વતંત્ર લાયકાત થઈ છે. જુઓ, એક પરમાણુ છૂટો હોય ત્યારે તેનામાં સ્થૂળ પરિણમન ન થાય, પણ સ્થૂળ સ્કંધમાં ભળે ત્યારે તેનામાં સ્થૂળ પરિણમન થાય છે, તો તેના પરિણમનમાં એટલો ફેરફાર થયો કે નહિ?—હા ફેરફાર તો થયો છે પણ તે કોના કારણે? કે પોતાની જ ક્રમબદ્ધ અવસ્થાના કારણે, પરને કારણે નહિ. એક છૂટો પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળ્યો, ત્યાં જેવો છૂટો હતો તેવો જ સ્કંધમાં તે નથી રહ્યો પણ સૂક્ષ્મમાંથી સ્થૂળભાવરૂપે તેનું પરિણમન થયું છે. તેનામાં સર્વથા ફેરફાર નથી થયો–એમ પણ નથી અને પરને કારણે ફેરફાર થયો છે–એમ પણ નથી, તેની પોતાની યોગ્યતાથી જ તેનામાં ફેરફાર એટલે કે સૂક્ષ્મતાથી સ્થૂળતારૂપ પરિણમન થયું છે. જેમ એક છૂટા પરમાણુમાં સ્થૂળતારૂપ પરિણમન નથી થતું, તેમ સ્થૂળ સ્કંધમાં પણ જો તેનું સ્થૂળ પરિણમન ન થતું હોય તો આ શરીરાદિ નોકર્મ કાંઈ સિદ્ધ જ નહિ થાય. છૂટો પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળતાં તેનામાં સ્થૂળતારૂપ પરિણમન તો થાય છે પણ તે પરને લીધે થતું નથી, તેની પોતાની યોગ્યતાથી જ થાય છે.

## (૮૮) જો કુંભાર ઘડાને કરે તો.....

જીવ ને અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની પર્યાયપણે સ્વયં ઊપજે છે. અજીવનો એકેક પરમાણુ પણ તેની ક્રમબદ્ધ અવસ્થાપણે સ્વયં ઊપજે છે; તેની વર્ણ-ગંધ વગેરે અર્થપર્યાય પણ ક્રમબદ્ધ તેનાથી છે ને ઘડો વગેરેના આકારરૂપ વ્યંજનપર્યાય પણ ક્રમબદ્ધ તેનાથી જ છે. માટી ઘડારૂપે ઊપજી ત્યાં તેની વ્યંજનપર્યાય (આકાર) કુંભારે કરી—એમ નથી. ઘડાપણે માટી પોતે ઊપજી ને માટી તેમાં વ્યાપી છે, કુંભાર નહીં, માટે કુંભાર તેનો કર્તા નથી. 'નિમિત્ત વિના ન થાય'–એ વાતનું અહીં કામ નથી. અહીં તો કહે છે કે દરેક દ્રવ્ય પોતાના પરિણામ સાથે તદ્રુપ–તન્મય છે. જીવ જો અજીવની અવસ્થાને કરે (–જેમ કે કુંભાર ઘડાને કરે) તો અજીવની અવસ્થા સાથે તદ્રુપપણું થતાં તે પોતે પણ અજીવ બની જશે! જો નિમિત્ત પ્રમાણે કાર્ય થતું હોય તો અજીવના નિમિત્તે આત્મા પણ અજીવ થઈ જશે—ઈત્યાદિ અનેક દોષ આવી પડશે.

## (૮૯) ક્રમબદ્ધનો નિર્ણય કરનારને 'અભાગ્ય' હોય જ નહિ.

'અભાગ્યથી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનું નિમિત્ત બની જાય તો ઉલટું અતત્ત્વશ્રદ્ધાન પુષ્ટ થઈ જાય'—એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે, પરંતુ ત્યાં પણ તેવા નિમિત્તોના સેવનનો ઊંધો ભાવ કોણ કરે છે? ખરેખર તો પોતાનો જે ઊંધો ભાવ છે તે જ અભાગ્ય છે. આત્માના જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકીને જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તેને એવું અભાગ્ય હોય જ નહિ એટલે કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું સેવન તેને હોય જ નહીં.

આત્મા જ્ઞાયક છે ને વસ્તુની પર્યાય ક્રમબદ્ધપણે સ્વયં થાય છે—એવા વસ્તુસ્વરૂપને નથી જાણતો તેનું જ્ઞાન સાચું થતું નથી ને સાચા જ્ઞાન વગર નિર્મળપર્યાય એટલે કે શાંતિ કે ધર્મ થતો નથી.

## (૯૦) સ્વાધીનદૃષ્ટિથી જોનાર જ્ઞાતા.

બરફ નાંખવાથી પાણીની ઠંડી અવસ્થા થઈ—એમ નથી; પાણીમાં સાકર નાંખી માટે તે સાકરને લીધે પાણીના પરમાણુઓમાં ગળી અવસ્થા થઈ—એમ નથી; તે પરમાણુઓ સ્વાધીનપણે તેવી અવસ્થાપણે પરિણમ્યા છે. પોતાના આત્માને સ્વાધીનદૃષ્ટિથી જ્ઞાયકભાવે પરિણમતો જોનાર જગતના બધા પદાર્થોને પણ સ્વાધીન પરિણમતા જુએ છે; તેથી તે જ્ઞાતા જ છે, અકર્તા જ છે. આત્મા તો અજીવના કાર્યને ન કરે, પરંતુ એક સ્કંધમાં રહેલા અનેક પરમાણુઓમાં પણ એક પરમાણુ બીજા પરમાણુનું કાર્ય ન કરે. આવી સ્વતંત્રતા છે.

## (૯૧) સંસ્કારનું સાર્થકપણું, છતાં પર્યાયનું ક્રમબદ્ધપણું.

શ્રોતા :–પ્રવચનસારના ૪૭ નયોમાં તો કહ્યું છે કે અસ્વભાવનયે આત્મા સંસ્કારને સાર્થક કરનારો છે, જેમ લોઢાના તીરમાં સંસ્કાર પાડીને લૂહાર નવી અણી કાઢે છે તેમ આત્માની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે;–આમ છે તો પછી પર્યાયના ક્રમબદ્ધપણાનો નિયમ ક્યાં રહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આત્મા પોતાની પર્યાયમાં જે સંસ્કાર પાડે તેવા પડે છે. અનાદિથી પર્યાયમાં મિથ્યા શ્રદ્ધા-જ્ઞાન હતા, તેને બદલે હવે જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં તે મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન ટળીને, સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનના અપૂર્વ સંસ્કાર પડ્યા, તેથી પર્યાયમાં નવા સંસ્કાર કહ્યા. તોપણ ત્યાં ક્રમબદ્ધપર્યાયનો નિયમ તૂટ્યો નથી. શું સર્વજ્ઞભગવાને તેમ નહોતું જોયું ને થયું? અથવા શું ક્રમબદ્ધપર્યાયમાં તેમ નહોતું ને થયું?—એમ નથી. પોતે પોતાના જ્ઞાયકસ્વભાવ–સન્મુખ પુરુષાર્થ વડે નિર્મળ પર્યાયપણે ઊપજ્યો ત્યાં કેવળીભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જે નિર્મળ પર્યાય થવાનું જોયું હતું તે જ પર્યાય આવીને ઊભી રહી. આ રીતે, જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ કરનારને પર્યાયમાં મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શનના અપૂર્વ નવા સંસ્કાર પડ્યા વગર રહે નહિ અને ક્રમબદ્ધપર્યાયનો ક્રમ પણ તૂટે નહિ.–આવો મેળ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વગર સમજાશે નહિ.

## (૯૨) ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા કોણ?

જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નથી ને ક્રમબદ્ધપર્યાયમાં આઘું-પાછું કરવાનું માને છે તેને જીવ-અજીવ દ્રવ્યોની ખબર નથી એટલે મિથ્યાજ્ઞાન છે. જે પરનું કર્તાપણું માને છે તેને તો હજી પરથી ભિન્નતાનું પણ ભાન નથી, પરથી ભિન્નતા જાણ્યા વિના, અંતરમાં જ્ઞાન અને રાગની ભિન્નતા તેના ખ્યાલમાં આવી શકશે નહિ. અહીં તો એવી વાત છે કે જે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળ્યો તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, રાગને પણ તે જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તરીકે જાણે છે. આવો જ્ઞાતા રાગાદિનો અકર્તા જ છે.

# પ્રવચન ચોથું

[વીર સંવત ૨૪૮૦, ભાદરવા વદ અમાસ]

ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વડે જ થાય છે, તેથી તેમાં જૈનશાસન આવી જાય છે. જે અબદ્ધસ્પૃષ્ટ...આત્માને દેખે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે–એમ પંદરમી ગાથામાં કહ્યું અને અહીં—જે જ્ઞાયકદૃષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરે

છે તે સમસ્ત જિનશાસનને દેખે છે-એમ કહેવાય છે—તે બંનેનું તાત્પર્ય એક જ છે. દૃષ્ટિને અંતરમાં વાળીને જ્યાં જ્ઞા...ય...ક ઉપર મીટ માંડી ત્યાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર, આનંદ, વીર્ય વગેરેનું પણ શુદ્ધ પરિણમન થવા માંડ્યું; એ જ જૈનશાસન છે.

**(૯૩) ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સાત તત્ત્વોની શ્રદ્ધા.**

જીવ ને અજીવ બંનેની અવસ્થા તે તે કાળે ક્રમબદ્ધ સ્વતંત્ર થાય છે, તેમને એક બીજા સાથે કાર્યકારણપણું નથી. જીવનો જ્ઞાયકસ્વભાવ છે, તે જ્ઞાયકને જાણવાની મુખ્યતાપૂર્વક ક્રમબદ્ધપર્યાયનો જાણનાર છે.—આવી પ્રતીતમાં સાતે તત્ત્વોની શ્રદ્ધા પણ આવી જાય છે એટલે તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન આમાં આવી જાય છે. સાતે તત્ત્વોની શ્રદ્ધા કઈ રીતે આવે છે તે કહે છે—

(૧-૨) મારા જ્ઞાનાદિ અનંતગુણોના ક્રમબદ્ધ પરિણામપણે હું ઊપજું છું ને તેમાં હું તન્મય છું—આવી સ્વસન્મુખ પ્રતીતિમાં જીવતત્ત્વની પ્રતીત આવી ગઈ; જ્ઞાતાદૃષ્ટાપણે ઊપજતો થકો હું જીવ છું, અજીવ નથી, એ રીતે અજીવથી ભિન્નપણાનું—કર્મના અભાવ વગેરેનું—જ્ઞાન પણ આવી ગયું; એટલે અજીવતત્ત્વની પ્રતીત થઈ ગઈ.

(૩-૪-૫-૬) જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી શ્રદ્ધા-જ્ઞાન નિર્મળ થયા છે, ચારિત્રમાં પણ અંશે શુદ્ધતા પ્રગટી છે, તેમજ હજી સાધકદશા હોવાથી અમુક રાગાદિ પણ થાય છે. ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું જેટલું નિર્મળ પરિણમન છે તેટલા સંવર-નિર્જરા છે તથા જેટલા રાગાદિ થાય છે તેટલા અંશે આસ્રવ-બંધ છે, તે સાધકને તે શુદ્ધતા અને અશુદ્ધતા બંનેનું જ્ઞાન વર્તે છે, તેથી તેને આસ્રવ-બંધ-સંવર-નિર્જરા તત્ત્વોની પ્રતીત પણ આવી ગઈ.

(૭) પરનો અકર્તા થઈને જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થતાં ક્રમબદ્ધપર્યાયમા અંશે શુદ્ધતા પ્રગટી છે ને હવે આ જ ક્રમે જ્ઞાયકસ્વભાવમાં પૂર્ણ એકાગ્ર થતાં પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટાપણું (કેવળજ્ઞાન) પ્રગટી જશે ને મોક્ષદશા થઈ જશે,—એવી શ્રદ્ધા હોવાથી મોક્ષતત્ત્વની પ્રતીત પણ તેમાં આવી ગઈ.

આ રીતે, જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરતાં તેમાં 'તત્त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' પણ આવી જાય છે.

**(૯૪) સદોષ આહાર છોડવાનો ઉપદેશ અને ક્રમબદ્ધપર્યાય-તેનો મેળ.**

શ્રોતા :-જો પર્યાય ક્રમબદ્ધ જ થાય છે, આહાર પણ જે આવવાનો હોય તે જ આવે છે, તો પછી-'મુનિઓએ સદોષ આહાર છોડવો ને નિર્દોષ આહાર લેવો'—એવો ઉપદેશ શા માટે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ત્યાં એમ ઓળખાણ કરાવી છે કે જ્યાં મુનિદશા થઈ હોય ત્યાં એ પ્રકારનો સદોષ આહાર લેવાનો ભાવ હોતો જ નથી; તે ભૂમિકાનો ક્રમ જ એવો છે કે ત્યાં સદોષ આહાર લેવાની વૃત્તિ જ ન થાય. આવો આહાર લેવો ને આવો આહાર છોડવો—એ નિમિત્તનું કથન છે. પણ કોઈ એમ કહે કે "ભલે સદોષ આહાર આવવાનો હશે તો સદોષ આવશે, પણ અમને તે સદોષ આહારના ગ્રહણની વૃત્તિ નથી"—તો તે તો સ્વછંદી છે, તેની દૃષ્ટિ જ આહાર ઉપર છે, જ્ઞાયક ઉપર તેની દૃષ્ટિ નથી. મુનિઓને તો જ્ઞાનમં એટલી બધી સરળતા થઈ ગઈ છે કે 'આ આહાર મારા માટે બનાવેલો હશે!' એટલી વૃત્તિ ઊઠે તોપણ (–પછી ભલે તે આહાર તેમના માટે કરેલો ન હોય, તે નિર્દોષ હોય તોપણ–) તે આહાર લેવાની વૃત્તિ છોડી દે છે અને કદાચિત્ ઉદ્દેશિક (–મુનિને માટે બનાવેલો) આહાર હોય પણ જો શંકાની વૃત્તિ પોતાને ન ઊઠે ને તે આહાર લ્યે તો પણ મુનિને ત્યાં કાંઈ દોષ લાગતો નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરનારનું જોર પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ જાય છે. પુરુષાર્થનું જોર જ્ઞાયકસ્વભાવ તરફ વળ્યા વગર ક્રમબદ્ધપર્યાયનો બધા પડખેથી યથાર્થ નિર્ણય થાય જ નહિ.

**(૯૫) ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જૈનશાસન.**

જુઓ, પોતાના જ્ઞાતા–દૃષ્ટા સ્વભાવની પ્રતીતપૂર્વક આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો ત્યાં પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાતાપણાની જ અધિકતા થઈ ને રાગનો પણ જ્ઞાતા જ રહ્યો; ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વડે જ થાય છે, તેથી તેમાં જૈનશાસન આવી જાય છે. જે અબદ્ધસ્પૃષ્ટ....આત્માને દેખે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે—એમ પંદરમી ગાથામાં કહ્યું અને અહીં—'જે જ્ઞાયકદૃષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરે છે તે સમસ્ત જિનશાસનને દેખે છે'—એમ કહેવાય છે,–તે બંનેનું તાત્પર્ય એક જ છે. દૃષ્ટિને અંતરમાં વાળીને જ્યાં જ્ઞા...ય...ક ઉપર મીટ માંડી ત્યાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન સાથે ચારિત્ર, આનંદ, વીર્ય વગેરેનું પણ શુદ્ધપરિણમન થવા માંડ્યું, એ જ જૈનશાસન છે; પછી ત્યાં સાધકદશામાં અસ્થિરતાનો રાગ અને કર્મનું નિમિત્ત વગેરે કેવાં હોય તે પણ સ્વ-પરપ્રકાશકજ્ઞાનમાં જ્ઞેયપણે જણાઈ જાય છે.

જે જીવમાં કે અજીવમાં, જે સમયે જે પર્યાયની યોગ્યતાનો કાળ છે તે સમયે પર્યાયરૂપે તે સ્વયં પરિણમે છે, કોઈ બીજા નિમિત્તને લીધે તે પર્યાય થતી નથી. આવા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરનાર જીવ પોતાના જ્ઞાયકભાવનો આશ્રય કરીને જ્ઞાતાદૃષ્ટાભાવપણે જ ઊપજે છે પણ અજીવના આશ્રયે ઊપજતો નથી. સાધક હોવાથી ભલે અધૂરી દશા છે તોપણ જ્ઞાયકસ્વભાવના આશ્રયની મુખ્યતાથી જ્ઞાયકપણે જ ઊપજે છે, રાગાદિની

મુખ્યતાપણે ઊપજતો નથી. જેણે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તે જ ખરેખર સર્વજ્ઞને જાણે છે. તે જ જૈનશાસનને જાણે છે, તે જ ઉપાદાન-નિમિત્તને અને નિશ્ચય-વ્યવહારને યથાર્થપણે ઓળખે છે. જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નથી તેને કાંઈપણ યથાર્થ-સાચું હોતું નથી.

**(૯૬) આચાર્યદેવના અલૌકિક મંત્રો.**

અહો! આ તો કુંદકુંદાચાર્યદેવના ને અમૃતચંદ્રાચાર્યદેવના અલૌકિક મંત્રો છે. જેને આત્માની પરિપૂર્ણ જ્ઞાનશક્તિનો વિશ્વાસ આવે તેને જ આ ક્રમબદ્ધપર્યાય સમજાય તેમ છે. સમયસારમાં આચાર્યદેવે ઠેકઠેકાણે આ વાત મૂકી છે—

મંગલાચરણમાં જ સૌથી પહેલા કળશમાં શુદ્ધાત્માને નમસ્કાર કરતાં કહ્યું હતું કે '–सर्वभावान्तरच्छिदे' એટલે કે શુદ્ધાત્મા પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળ સંબંધી જાણવાનું કહ્યું તેમાં ક્રમબદ્ધપર્યાય હોવાનું આવી જ ગયું ('स्वानुभूत्या चकासते') એટલે કે પોતાની અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે–એમ કહીને તેમાં સ્વ-પ્રકાશપણું પણ બતાવ્યું છે.)

પછી બીજી ગાથામાં જીવનું સ્વરૂપ વર્ણવતા કહ્યું કે–'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ પર્યાયો અંગીકાર કર્યા છે.'–તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત આવી ગઈ.

ત્યાર પછી 'અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ....' એમ ૬૨મી ગાથામાં કહ્યું તેમાં પણ ક્રમબદ્ધપર્યાયની વાત સમાઈ ગઈ.

ત્યાર પછી કર્તા-કર્મ અધિકારની ગાથા : ૭૬-૭૭-૭૮મા 'પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય' એવા કર્મની વાત કરી; ત્યાં કર્તા, જે નવું કર્મ ઉત્પન્ન કરતો નથી તેમજ વિકાર કરીને એટલે કે ફેરફાર કરીને પણ કરતો નથી. માત્ર જેને પ્રાપ્ત કરે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે,—એમ કહ્યું તેમાં પણ પર્યાયનું ક્રમબદ્ધપણું આવી ગયું. દ્રવ્ય પોતાંની ક્રમબદ્ધપર્યાયને સમયે સમયે પ્રાપ્ત કરે છે–પહોંચી વળે છે.

ત્યારબાદ પુણ્ય-પાપ અધિકારની ગાથા : ૧૬૦ 'सो सव्वणाणदरिसी' માં કહ્યું કે આત્મદ્રવ્ય પોતે જ 'જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે....પણ પોતાના પુરુષાર્થના અપરાધથી સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને (અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને) જાણતું નથી તેથી અજ્ઞાનભાવે વર્તે છે. અહીં "વિશ્વને સામાન્ય-વિશેષપણે જાણવાનો સ્વભાવ" કહેતાં તેમાં

ક્રમબદ્ધપર્યાયની વાત પણ સમાઈ ગઈ. જીવ પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણતો નથી તેથી જ અજ્ઞાની છે. જો પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણે તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જાય ને અજ્ઞાન રહે નહિ.

આસ્રવ અધિકારમાં ગાથા : ૧૬૬મા "પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે"—એમ કહ્યું ત્યાં જ્ઞેયોનું ક્રમબદ્ધપણું આવી ગયું.

ત્યાર પછી સંવર અધિકારમાં "ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધમાં કે કર્મ-નોકર્મમાં ઉપયોગ નથી" એમ કહ્યું, ત્યાં ઉપયોગના સ્વપરપ્રકાશકસ્વભાવમાં ક્રમબદ્ધપર્યાયની વાત પણ સિદ્ધ થઈ જાય છે.

પછી નિર્જરા અધિકારમાં ગાથા : ૨૧૬મા વેદ્ય અને વેદક બંને ભાવોનું ક્ષણિકપણું બતાવ્યું, તે બંને ભાવો કદી ભેગા થતા નથી-એમ કહીને તેનું ક્રમબદ્ધપણું બતાવ્યું. સમય-સમયની ઉત્પન્ન-ધ્વંશી પર્યાય ઉપર જ્ઞાનીની દૃષ્ટિ નથી પણ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ઉપર તેની દૃષ્ટિ છે, ધ્રુવ-જ્ઞાયક ઉપર દૃષ્ટિ રાખીને તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે.

ત્યાર પછી બંધ અધિકારમાં ૧૬૮મા કળશમાં કહ્યું કે (सर्वं सदैव नियतं...)આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ—બધુંય સદૈવ નિયમથી પોતાના કર્મના ઉદયથી થાય છે; 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખસુખ કરે છે, આમ જે માનવું તે તો અજ્ઞાન છે' એટલે આત્મા તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે, પણ તેનો ફેરવનાર નથી—એ વાત તેમાં આવી ગઈ.

મોક્ષ અધિકારમાં પણ ગાથા : ૨૯૭-૯૮-૯૯મા છ કારકોનું વર્ણન કરીને, આત્માનો 'સર્વવિશુદ્ધચિન્માત્રભાવ' કહ્યો, 'સર્વવિશુદ્ધચિન્માત્ર' કહેતાં સામા જ્ઞેયપદાર્થોના પરિણામો પણ ક્રમબદ્ધ છે—એમ તેમાં આવી ગયું.

આ સર્વવિશુદ્ધ અધિકારની ચાલતી ગાથાઓ (૩૦૮ થી ૩૧૧)મા પણ ક્રમબદ્ધ-પર્યાયની સ્પષ્ટ વાત કરી છે.

બીજા શાસ્ત્રોમાં પણ અનેક ઠેકાણે આ વાત કરી છે. પં. બનારસીદાસજીએ શ્રી જિનેન્દ્રભગવાનનાં ૧૦૦૮ નામોમાં 'क्रमवर्ती' એવું પણ એક નામ આપ્યું છે.

**(૯૭) સ્પષ્ટ અને મૂળભૂત વાત '—જ્ઞાનશક્તિનો વિશ્વાસ.'**

આ તો સીધી ને સ્પષ્ટ વાત છે કે આત્મા જ્ઞાન છે, સર્વજ્ઞતાનું તેનામાં સામર્થ્ય

છે; સર્વજ્ઞતામાં શું જાણવાનું બાકી રહી ગયું? સર્વજ્ઞતાના સામર્થ્ય ઉપર જોર ન આવે તો ક્રમબદ્ધપર્યાય સમજાય નહિ. આ તરફ સર્વજ્ઞતાના સામર્થ્યને પ્રતીતમાં લીધું ત્યાં જ્ઞેયોમાં ક્રમબદ્ધપર્યાયો છે તેનો નિર્ણય પણ થઈ ગયો. આ રીતે આત્માના મૂળભૂત જ્ઞાયકસ્વભાવની આ વાત છે. આનો નિર્ણય ન કરે તો સર્વજ્ઞની પણ સાચી શ્રદ્ધા થતી નથી. આત્માની જ્ઞાનશક્તિનો જ વિશ્વાસ ન આવે તેને જૈનશાસનની એકેક્ય વાત સમજાય તેવી નથી.

સમકીતિ પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાતાપણાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતો થકો જીવ જ છે પણ કર્મનો આશ્રય કરીને ઊપજતો નથી તેથી અજીવ નથી.

ત્યાર પછી સ્વરૂપમાં વિશેષ એકાગ્રતા વડે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા પ્રગટી, તે મુનિદશારૂપે પણ જીવ પોતે જ પોતાના ક્રમબદ્ધપરિણામથી ઊપજતો થકો જીવ જ છે પણ નિર્દોષ આહાર વગેરેના આશ્રયે તે પર્યાયપણે ઊપજતો નથી માટે અજીવ નથી.

ત્યાર પછી કેવળજ્ઞાન દશા થઈ, તેમાં પણ જીવ પોતે જ ક્રમબદ્ધ પરિણમીને તે અવસ્થાપણે ઊપજ્યો છે, તેથી તે જીવ જ છે, પણ ચોથો આરો કે શરીરનું સંહનન વગેરે અજીવના કારણે તે અવસ્થા ઊપજી નથી, તેમજ જીવે તે અજીવની અવસ્થા કરી નથી, તેથી તે અજીવ નથી.

**(૯૮) અહો! જ્ઞાતાની ક્રમબદ્ધ ધારા!**

જુઓ, આ જ્ઞાતાની ક્રમબદ્ધપર્યાય!—આમાં તો કેવળજ્ઞાન સમાય છે, મોક્ષમાર્ગ આવી જાય છે, સમ્યગ્દર્શન આવી જાય છે અને આનાથી વિરુદ્ધ માનનાર અજ્ઞાની કેવો હોય તેનું જ્ઞાન પણ આવી જાય છે. જીવ અને અજીવ બધા તત્ત્વોનો નિર્ણય આમા આવી જાય છે.

જુઓ; આ સત્યની ધારા!—જ્ઞાયકભાવનો ક્રમબદ્ધ પ્રવાહ!! જ્ઞાનીને પોતાના જ્ઞાયકસ્વભાવમાં એકતા વડે સમ્યગ્દર્શન શરૂ કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી એકલા જ્ઞાયકભાવની ક્રમબદ્ધ ધારા ચાલી જાય છે.

શાસ્ત્રમાં ઉપદેશ કથન અનેક પ્રકારના આવે, તે તે કાળે સંતોને તેવો વિકલ્પ ઊઠતાં તે પ્રકારની ઉપદેશવાણી નીકળી; ત્યાં જ્ઞાતા તો પોતાના જ્ઞાયકભાવની ધારાપણે ઊપજતો થકો તે વાણી અને વિકલ્પનો જ્ઞાતા જ છે પણ તેમાં તન્મય થઈને તે-રૂપે ઊપજતો નથી.

જગતનો કોઈ પદાર્થ વચ્ચે આવીને જીવની ક્રમબદ્ધપર્યાયને ફેરવી નાંખે એમ ત્રણકાળમાં બનતું નથી; જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો થકો જીવ જ છે; એ

જ પ્રમાણે અજીવ પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે. જે જીવ આવો નિર્ણય અને ભેદજ્ઞાન નથી કરતો તે જીવ અજ્ઞાનપણે ભ્રાંતિમાં ભ્રમણ કરી રહ્યો છે.

## (૯૯) જ્ઞાનના નિર્ણયમાં ક્રમબદ્ધનો નિર્ણય.

શ્રોતા :–ત્રણકાળની પર્યાય ક્રમબદ્ધ છે, છતાં કાલની વાત પણ કેમ જણાતી નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :–એનો જાણનાર જ્ઞાયક કોણ છે તેનો તો પહેલાં નિર્ણય કરો. જાણનારનો નિર્ણય કરતાં ત્રણકાળની ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જશે. વળી જુઓ, ગઈ કાલે શનિવાર હતો ને આવતી કાલે સોમવાર જ આવશે, ત્યાર પછી મંગળવાર જ આવશે,—એ પ્રમાણે સાતે વારનું ક્રમબદ્ધપણું જાણી શકાય છે કે નહીં? 'ઘણા કાળ પછી ક્યારેક સોમવાર પછી શનિવાર આવી જશે તો? અથવા રવિવાર પછી બુધવાર આવી જશે તો?—એમ કદી શંકા નથી પડતી, કેમ કે તે પ્રકારનો ક્રમબદ્ધપણાનો નિર્ણય થયો છે; તેમ આત્માના કેવળજ્ઞાનસ્વભાવની પ્રતીત કરતાં બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જાય છે. અહીં તો 'ક્રમબદ્ધપર્યાય' કહેતાં જ્ઞાયકનો નિર્ણય કરવાનું પ્રયોજન છે. જ્ઞાતા પોતાના સ્વભાવસન્મુખ થઈને પરિણમ્યો ત્યાં પોતે સ્વકાળે ક્રમબદ્ધ પરિણમે છે ને તેનું સ્વ-પરપ્રકાશકજ્ઞાન ખીલ્યું તે પરને પણ ક્રમબદ્ધ પરિણમતા જાણે છે એટલે તેનો તે કર્તા થતો નથી.

## (૧૦૦) 'નિમિત્ત ન આવે તો?'—એમ કહેનાર નિમિત્તને જાણતો નથી.

શ્રોતા :–જો વસ્તુની ક્રમબદ્ધપર્યાય એની મેળે નિમિત્ત વિના થઈ જતી હોય તો, આ પીંછી અહીં પડી છે તેને હાથના નિમિત્ત વિના ઊંચી કરી દ્યો!

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે ભાઈ! પીંછીની અવસ્થા પીંછીમાં ને હાથની અવસ્થા હાથમાં–તેમાં તું શું કર? પીંછી તેના ક્ષેત્રાંતરની ક્રમબદ્ધપર્યાયથી જ ઊંચી થાય છે અને તે વખતે હાથ વગેરે નિમિત્ત પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે હોય જ છે; ન હોય એમ બનતું નથી. આ રીતે નિમિત્તનું અસ્તિત્વ હોવા છતાં તેને જે નથી માનતો અને 'નિમિત્ત ન આવે તો....' એમ તર્ક કરે છે તે ક્રમબદ્ધપર્યાયને કે ઉપાદાન-નિમિત્તને સમજ્યો જ નથી. 'છે' પછી 'ન હોય તો....' એ પ્રશ્ન ક્યાંથી આવ્યો?

## (૧૦૧) 'નિમિત્ત વિના થાય'—એનો આશય શું?

ઉપાદાન-નિમિત્તની સ્પષ્ટતા બહાર આવતાં હવે કેટલાક લોકો એવી ભાષા વાપરે છે કે–'નિમિત્ત ભલે કાંઈ કરતું નથી પણ નિમિત્ત વિના તો થતું નથી ને!' પણ ઊંડાણમાં

તો તેમનેય નિમિત્તાધીન દૃષ્ટિ જ પડી છે. નિમિત્ત હોય છે તેને પ્રસિદ્ધ કરવા માટે 'નિમિત્ત વિના ન થાય'—એમ પણ શાસ્ત્રમાં કહેવામાં આવે છે; પરંતુ-'કાર્ય થવાનું હોય ને નિમિત્ત ન આવે તો ન થાય' એવો તેનો અર્થ નથી. દેવસેનાચાર્ય નયચક્ર પૃ. ૫૨-૫૩મા કહે છે કે "જોકે મોક્ષરૂપી કાર્યમાં ભૂતાર્થથી જાણેલો આત્મા વગેરે ઉપાદાન કારણ છે, તોપણ તે સહકારી કારણના વિના સિદ્ધ નથી થતું; તેથી સહકારી કારણની પ્રસિદ્ધિ અર્થે નિશ્ચય અને વ્યવહારનો અવિનાભાવ સંબંધ બતાવે છે." આમાં તો, ક્રમબદ્ધપર્યાયમાં ઉપાદાનની યોગ્યતા વખતે તે પ્રકારનું નિમિત્ત હોય જ છે-એમ જ્ઞાન કરાવ્યું છે; કોઈ અજ્ઞાની, નિમિત્તને સર્વથા માનતો ન હોય તો 'નિમિત્ત વિના ન થાય' એમ કહીને નિમિત્તની પ્રસિદ્ધિ કરાવી છે એટલે કે તેનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ તેથી 'નિમિત્ત આવ્યું માટે કાર્ય થયું ને નિમિત્ત ન હોત તો તે પર્યાય ન થાત'—એવો તેનો સિદ્ધાંત નથી. 'નિમિત્ત વિના ન થાય' તેનો આશય એટલો જ છે કે જ્યાં કાર્ય થાય ત્યાં તે હોય છે; ન હોય એમ બનતું નથી. શાસ્ત્રોમાં તો નિમિત્તના ને વ્યવહારના અનેક લખાણો ભર્યા છે પણ સ્વ-પરપ્રકાશક જ્ઞાતા જાગ્યા વિના તેનો આશય ઊકેલશે કોણ?

**(૧૦૨) શાસ્ત્રોના ઉપદેશ સાથે ક્રમબદ્ધપર્યાયની સંધિ.**

કુંદકુંદાચાર્યની આજ્ઞાથી જયસેનાચાર્યદેવે બે દિવસમાં જ એક પ્રતિષ્ઠાપાઠની રચના કરી છે, તેમાં પ્રતિષ્ઠા સંબંધી ક્રિયાઓનું શરૂઆતથી માંડીને ઠેઠ સુધીનું વર્ણન કર્યું છે. પ્રતિમાજી માટે આવો પાષાણ લાવવો, આવી વિધિથી લાવવો, આવા કારીગરો પાસે પ્રતિમા ઘડાવવી; તેમજ અમુક વિધિ માટે માટી લેવા જાય ત્યાં જમીન ખોદીને માટી લઈ લ્યે અને વધેલી માટીથી તે ખાડો પૂરતાં જો માટી વધે તો તે શુભ શુકન સમજવા.—ઈત્યાદિ વિધિનું વર્ણન આવે છે પણ આત્માનું જ્ઞાયકપણું રાખીને તે બધી વાત છે. જ્ઞાયકપણું ચૂકીને કે ક્રમબદ્ધપણું તોડીને તે વાત નથી. પ્રતિષ્ઠા કરાવનારને તે પ્રકારનો વિકલ્પ હોય છે અને માટી વગેરેની તેવી ક્રમબદ્ધપર્યાય થાય છે-તેની ત્યાં ઓળખાણ કરાવી છે પણ અજીવની પર્યાયને જીવ કરી દે એમ નથી બતાવવું. પ્રતિષ્ઠામાં 'સિદ્ધચક્રમંડલવિધાન'ને 'યાગમંડલવિધાન' વગેરેના મોટા મોટા રંગબેરંગી મંડલ રચાય ને શાસ્ત્રમાં પણ તેનો ઉપદેશ આવે, છતાં પણ તે બધું ક્રમબદ્ધ જ છે; શાસ્ત્રમાં તેનો ઉપદેશ આપ્યો તેથી કાંઈ તેનું ક્રમબદ્ધપણું ફરી ગયું કે જીવ તેનો કર્તા થઈ ગયો—એમ નથી. જ્ઞાતા તો પોતાને જાણતો થકો તેને પણ જાણે છે ને પોતે પોતાના જ્ઞાયકભાવરૂપ ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે.

એ જ રીતે સમિતિના ઉપદેશમાં પણ 'જોઈને ચાલવું, વિચારીને બોલવું, જતનાની વસ્તુ લેવી–મૂકવી' ઈત્યાદિ કથન આવે પણ તેનો આશય શરીરની ક્રિયાને જીવ કરી શકે છે–એમ બતાવવાનો નથી. મુનિદશામાં તે તે પ્રકારનો પ્રમાદભાવ થતો જ નથી, હિંસાદિનો અશુભભાવ થતો જ નથી–એવું જ મુનિદશાની ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ છે–તે ઓળખાવ્યું છે. નિમિત્તથી કથન કરીને સમજાવશે, તેથી કાંઈ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત તૂટી જતો નથી.

**(૧૦૩) સ્વયંપ્રકાશી જ્ઞાયક.**

શરીર વગેરેનો એકેક પરમાણુ સ્વતંત્રપણે તેની ક્રમબદ્ધપર્યાયરૂપે પરિણમી રહ્યો છે, તેને બીજો કોઈ અન્યથા ફેરવી શકે એમ ત્રણકાળમાં બનતું નથી. અહો! ભગવાન આત્મા તો સ્વયંપ્રકાશી છે. પોતાના જ્ઞાયકભાવ વડે તે સ્વ-પરનો પ્રકાશક જ છે પણ અજ્ઞાનીને એ જ્ઞાયકસ્વભાવની વાત બેસતી નથી. હું જ્ઞાયક, ક્રમબદ્ધપર્યાય જેમ છે તેમ હું જાણનાર છું,—જાણનાર જ છું પણ કોઈનો ફેરવનાર નથી—આવી સ્વસન્મુખ પ્રતીત ન કરતાં, અજ્ઞાની જીવ કર્તા થઈને પરને ફેરવવાનું માને છે, તે મિથ્યા માન્યતા જ સંસારભ્રમણનું મૂળ છે.

બધા જીવો સ્વયંપ્રકાશી જ્ઞાયક છે; તેમાં—

(૧) કેવળીભગવાન 'પૂરા જ્ઞાયક' છે; (તેમને જ્ઞાયકપણું પૂરું વ્યક્ત થઈ ગયું છે.)

(૨) સમકીતિ–સાધક 'અધૂરા જ્ઞાયક' છે; (તેમને પૂર્ણજ્ઞાયકપણું પ્રતીતમાં આવી ગયું છે પણ હજી પૂરું વ્યક્ત થયું નથી.)

(૩) અજ્ઞાની 'વિપરીત-જ્ઞાયક' છે; (તેને પોતાના જ્ઞાયકપણાની ખબર નથી.) જ્ઞાયકસ્વભાવની અપ્રતીત તે સંસાર જ્ઞાયકસ્વભાવની પ્રતીત વડે સાધકદશા તે મોક્ષમાર્ગ અને જ્ઞાયકસ્વભાવ પૂરો ખીલી જાય તે કેવળજ્ઞાન ને મોક્ષ.

**(૧૦૪) દરેક દ્રવ્ય 'નિજ–ભવન'માં જ બિરાજે છે.**

જગતમાં દરેક દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાય સાથે તદ્રુપ છે પણ પર સાથે તદ્રુપ નથી. પોતપોતાના ભાવનું જે 'ભવન' છે તેમાં જ દરેક દ્રવ્ય બિરાજે છે. જીવના ગુણ-પર્યાયો ને જીવનો ભાવ છે ને જીવ ભાવવાન છે, અજીવના ગુણ-પર્યાયો તે તેનો ભાવ છે ને અજીવ ભાવવાન છે. પોતપોતાના ભાવનું જે ભંવન એટલે કે પરિણમન તેમાં જ સૌ દ્રવ્ય બિરાજે છે. જીવના ભવનમાં અજીવ ગરતો નથી–પ્રવેશતો નથી ને અજીવના ભવનમાં જીવ ગરતો નથી. એ જ પ્રમાણે એક જીવના ભવનમાં બીજો જીવ ગરતો નથી

તેમજ એક અજીવના ભવનમાં બીજો અજીવ ગરતો નથી. જીવ કે અજીવ દરેક દ્રવ્ય પોતપોતાના નિજભવનમાં (નિજ પરિણમનમાં) બિરાજે છે, પોતાના નિજભવનમાંથી બહાર નીકળીને બીજાના ભવનમાં કોઈ દ્રવ્ય જતું નથી.

સુદૃષ્ટિતરંગિણીમાં છ મુનિઓનો દાખલો આપીને કહ્યું છે કે : જેમ એક ગુફામાં ઘણા કાળથી છ મુનિરાજ રહે છે, પરંતુ કોઈ કોઈથી મોહિત નથી, ઉદાસીનતા સહિત એક ગુફામાં રહે છે, છએ મુનિવરો પોતપોતાના સ્વરૂપસાધનામાં એવા લીન છે કે બીજા મુનિઓ શું કરે છે તેના ઉપર લક્ષ જતું નથી, એક બીજાથી નિરપેક્ષપણે સૌ પોતપોતામાં એકાગ્રપણે બિરાજે છે. તેમ આ ચૌદ બ્રહ્માંડરૂપી ગુફામાં જીવાદિ છએ દ્રવ્યો એકબીજાથી નિરપેક્ષપણે પોતપોતાના સ્વરૂપમાં બિરાજી રહ્યા છે, કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યની અપેક્ષા રાખતું નથી, બધા દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં જ રહેલા છે. જગતની ગુફામાં છએ દ્રવ્યો સ્વતંત્રપણે પોતપોતાના સ્વરૂપમાં પરિણમી રહ્યા છે, તેમાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવવાળો છે, આત્મા સિવાયનાં પાચે દ્રવ્યોમાં જ્ઞાયકપણું નથી.

**(૧૦૫) આ વાત નહિ સમજનારાઓની કેટલીક ભ્રમણાઓ.**

આત્મા જ્ઞાયક છે ને જ્ઞાયકસ્વભાવે પરિણમતો તે ક્રમબદ્ધપર્યાયોનો જ્ઞાતા જ છે. આમા જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિનું અનંતુ જોર આવે છે, તે નહિ સમજનારા અજ્ઞાની મૂઢ જીવોને આમાં એકાંત નિયતપણું જ ભાસે છે પણ તેની સાથે સ્વભાવ અને પુરુષાર્થ, શ્રદ્ધા અને જ્ઞાન વગેરે આવી જાય છે તે તેને ભાસતા નથી.

કેટલાક લોકો આ વાત સાંભળ્યા પછી ક્રમબદ્ધપર્યાયની વાતો કરતા શીખ્યા છે પણ તેનું ધ્યેય ક્યાં જાય છે ને તે સમજનારની દશા કેવી હોય તે જાણતા નથી એટલે તેઓ પણ ભ્રણામાં જ રહે છે.

“આપણે નિમિત્ત થઈને પરની અવસ્થામાં ફેરફાર કરી દઈએ” એમ કેટલાક અજ્ઞાનીઓ માને છે તેઓ પણ મૂઢ છે.

શ્રોતા :—જો એમ છે તો પચીસ માણસને જમવાનું કહીને પછી બેસી રહે તો શું એની મેળે રસોઈ વગેરે થઈ જશે!!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ, આતો અંતરદૃષ્ટિની ઊંડી વાત છે એમ અદ્ધરથી બેસી જાય એવી આ વાત નથી. જેને જમવાનું કહેવાનો વિકલ્પ આવ્યો, તે કાંઈ વીતરાગ નથી એટલે તેને રસોઈ કરવાનો વિકલ્પ આવ્યા વગર રહેશે નહિ; પરંતુ જીવને વિકલ્પ આવે

તોપણ ત્યાં વસ્તુમાં ક્રમબદ્ધપણે જે અવસ્થા થવાની છે તેમ જ થાય છે. આ જીવ વિકલ્પ કરે છતાં સામી વસ્તુમાં તેવી અવસ્થા ન પણ થાય; માટે વિકલ્પને લીધે બહારનું કાર્ય થાય છે—એમ નથી અને વિકલ્પ થાય તેના ઉપર પણ જ્ઞાનીની દૃષ્ટિનું જોર નથી.

**(૧૦૬) 'જ્ઞાની શું કરે છે'-તે અંતરદૃષ્ટિ વિના ઓળખાય નહિ.**

શ્રોતા :-શરીરમાં રોગ થવો કે મટવો તે બધી અજીવની ક્રમબદ્ધપર્યાય છે-એમ જ્ઞાની જાણે છે છતાં પણ તે દવા તો કરે છે! ખાય-પીયે—બધું કરે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :-અરે મૂઢ! તને જ્ઞાયકભાવની ખબર નથી એટલે તારી બાહ્યદૃષ્ટિથી તને જ્ઞાની એ બધું કરતા દેખાય છે પણ જ્ઞાની તો પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપરની દૃષ્ટિથી જ્ઞાયકભાવમાં જ તન્મયપણે પરિણમી રહ્યા છે, રાગમાં પણ તન્મય થઈને તે પરિણમતા નથી ને પરની કર્તાબુદ્ધિ તો તેને સ્વપ્ને પણ રહી નથી. અંતરદૃષ્ટિ વિના જ્ઞાનીના પરિણમનની તને ખબર નહિ પડે. જ્ઞાનીને હજી પૂર્ણ વીતરાગતા થઈ નથી તેથી અસ્થિરતામાં અમુક રાગાદિ થાય છે, તેને તે જાણે છે, પરંતુ એકલા રાગને જાણવાની પણ પ્રધાનતા નથી. જ્ઞાયકને જાણવાની મુખ્યતાપૂર્વક રાગને પણ જાણે છે અને અનંતાનુબંધી રાગાદિ તો તેને થતા જ નથી, તેમજ જ્ઞાયકદૃષ્ટિમાં સ્વસન્મુખ પુરુષાર્થ પણ ચાલુ જ છે. સ્વછંદ પોષે એવા જીવોને માટે આ વાત નથી.

**(૧૦૭) બે લીટીમાં અદ્‌ભુત રચના!**

અહો! બે લીટીની ટીકામાં તો આચાર્યદેવે જગતના જીવ ને અજીવ બધાય દ્રવ્યોની સ્વતંત્રતાનો નિયમ મૂકીને અદ્‌ભુત રચના કરી છે. જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. અજીવ નથી; એવી રીતે અજીવ પણ પોતાનાં ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી. જીવ તે અજીવની પર્યાયને કરે કે અજીવ તે જીવની પર્યાયને કરે—એમ જે માને તેને જીવ અજીવના ભિન્નપણાની પ્રતીત રહેતી નથી એટલે કે મિથ્યાશ્રદ્ધા થઈ જાય છે.

**(૧૦૮) અભાવ છે ત્યાં 'પ્રભાવ' કઈ રીતે પાડે?**

શ્રોતા :-એક બીજાનું કાંઈ કરે તો નહિ પણ પરસ્પર નિમિત્ત થઈને પ્રભાવ તો પાડે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :-કઈ રીતે પ્રભાવ પાડે?—શું પ્રભાવ પાડીને પરની અવસ્થાને કોઈ ફેરવી શકે છે? કાર્ય થયું તેમાં નિમિત્તનો તો અભાવ છે તો તેણે પ્રભાવ કઈ રીતે

પાડ્યો? જીવ પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સત્ છે પણ પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએતે અસત્ છે એટલે પરદ્રવ્યની અપેક્ષાએ તે અદ્રવ્ય છે, પરક્ષેત્રની અપેક્ષાએ તે અક્ષેત્ર છે, પરકાળની અપેક્ષાએ તે અકાળ છે ને પર વસ્તુના ભાવની અપેક્ષાએ તે અભાવરૂપ છે; તેમજ આ જીવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ બીજી બધી વસ્તુઓ અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ ને અભાવરૂપ છે, તો પછી કોઈ કોઈનામાં પ્રભાવ પાડે એ વાત રહેતી નથી. દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવને સ્વતંત્ર કહે પણ કાળ એટલે સ્વપર્યાય તે પરને લીધે (નિમિત્તને લીધે) થાય એમ માને તે પણ સ્વતંત્ર વસ્તુસ્વરૂપને સમજ્યો નથી. દરેક વસ્તુ સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એટલે. કે તેનો સ્વકાળ પણ પોતાથી—સ્વતંત્ર છે.

એક પંડિતજી એમ કહે છે કે "અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવમાં એવી શક્તિ છે કે નિમિત્ત થઈને બીજામાં પ્રભાવ પાડે"—પણ જો નિમિત્ત પ્રભાવ પાડીને પરની પર્યાય ફેરવી દેતું હોય તો બે વસ્તુની ભિન્નતા જ ક્યાં રહી? પ્રભાવ પડવાનું કહેવું તે તો ફક્ત ઉપચાર છે. જો પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાની પર્યાય થવાનું માને તો, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતે નથી-એમ થઈ જાય છે એટલે પોતાની નાસ્તિ થઈ જાય છે. એ જ પ્રમાણે પોતે નિમિત્ત થઈને પરની અવસ્થાને કરે તો સામી વસ્તુની નાસ્તિ થઈ જાય છે. તેમજ કોઈ દ્રવ્ય પરનું કાર્ય કરે તો તે દ્રવ્ય પરરૂપે છે—એમ થઈ ગયું એટલે પોતે પોતાપણે ન રહ્યું. જીવના સ્વકાળમાં જીવ છે ને અજીવના સ્વકાળમાં અજીવ છે; કોઈ કોઈના કર્તા નથી.

વળી નિમિત્તનું બલવત્તરપણું બતાવવા ભુંડણીના દૂધનું દૃષ્ટાંત આપે છે કે : ભુંડણીના પેટમાં દૂધ તો ઘણું ભર્યું છે પણ બીજો તે કાઢી શકતો નથી, તેના નાના-નાના બચ્ચાંઓના આકર્ષક મોઢાનું નિમિત્ત પામીને તે દૂધ ઝટ તે બચ્ચાંઓના ગળામાં ઊતરી જાય છે.—માટે જુઓ, નિમિત્તનું કેવું સામર્થ્ય છે!—એમ કહે છે પણ ભાઈ રે! દૂધનો એકેક રજકણ તેના સ્વતંત્ર ક્રમબદ્ધસ્વભાવથી જ પરિણમી રહ્યો છે. એ જ પ્રમાણે "હળદર ને ખારો ભેગો થતાં લાલ રંગ થયો, માટે ત્યાં એકબીજા ઉપર પ્રભાવ પડીને નવી અવસ્થા થઈ કે નહિ?"—એમ પણ કોઈ કહે છે પણ તે વાત સાચી નથી. હળદર અને ખારાના રજકણ ભેગા થયા જ નથી, તે બંનેના રજકણ સ્વતંત્રપણે પોતપોતાના ક્રમબદ્ધપરિણામથી જ તેવી અસ્થારૂપે ઊપજ્યા છે. કોઈ બીજાને કારણે તે અવસ્થા નથી થઈ. જેમ હારમાં અનેક મોતી ગૂંથાયેલા છે, તેમ દ્રવ્યમાં અનાદિ અનંત પર્યાયોની હારમાળા છે, તેમાં દરેક પર્યાયરૂપી મોતી ક્રમસર ગોઠવાયેલું છે.

## (૧૦૯) દરેક દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાય સાથે તદ્રુપ છે.

પહેલાં તો આચાર્યદેવે મૂળ નિયમ બતાવ્યો કે જીવ અને અજીવ બંને દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે; હવે તેનું દૃષ્ટાંત તથા હેતુ આપે છે. અહીં દૃષ્ટાંત પણ 'સુવર્ણ'નું આપ્યું છે,—સોનાને કદી કાટ નથી લાગતો તેમ આ મૂળભૂત નિયમ કદી ફરતો નથી. જેમ કંકણ વગેરે પર્યાયોરૂપે ઊપજતા સુવર્ણ પોતાના કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે. તેમ સર્વ દ્રવ્યોને પોતાનાં પરિણામો સાથે તાદાતમ્ય છે. સોનામાં બંગડી વગેરે જે અવસ્થા થઈ તે અવસ્થારૂપે સોનું પોતે ઊપજ્યું છે, સોની નહિ; જો સોની તે અવસ્થા કરતો હોય તો તેમાં તે તદ્રુપ હોવો જોઈએ. પરંતુ સોની અને હથોડી તો એક કોર જુદા રહેવા છતાં તે કંકણ પર્યાય તો રહે છે, માટે સોની કે હથોડી તેમાં તદ્રુપ નથી, સોનું જ પોતાની કંકણ આદિ પર્યાયમાં તદ્રુપ છે. એ પ્રમાણે બધાય દ્રવ્યોને પોતપોતાના પરિણામ સાથે જ તાદાત્મ્ય છે, પર સાથે નહિ.

જુઓ, આ ટેબલ પર્યાય છે, તેમાં તે લાકડાના પરમાણુઓ જ તદ્રૂપ થઈને ઊપજ્યા છે; સુતાર કે કરવતના કારણે તે અવસ્થા થઈ એમ નથી. જો તે અવસ્થા સુતારે કરી હોય તો સુતાર તેમાં તન્મય હોવો જોઈએ. પરંતુ અત્યારે સુતાર કે કરવત નિમિત્તપણે ન હોવા છતાં પણ તે પરમાણુઓમાં ટેબલ પર્યાય તો વર્તે છે; માટે નક્કી થાય છે કે તે સુતારનું કે કરવતનું કાર્ય નથી. આ પ્રમાણે દરેક વસ્તુને પોતાની ક્રમબદ્ધ ઊપજતી પર્યાય સાથે તાદાત્મ્યપણું છે, પરંતુ જોડે સંયોગરૂપે રહેલી બીજી ચીજ સાથે તેને તાદાત્મ્યપણું નથી. આમ હોવાથી જીવને અજીવની સાથે કાર્યકારણપણું નથી, તેથી જીવ અકર્તા છે—એ વાત આચાર્યદેવે યુક્તિપૂર્વક સિદ્ધ કરશે. *(ક્રમશઃ)*

❁

શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સંપ્રદાયપરિવર્તનની ૭૫મી જયંતી—હિરકજયંતીરૂપે ઘણા જ આનંદોલ્લાસપૂર્વક ભવ્ય રીતે સોનગઢમાં તા. ૫-૪-૨૦૦૯, ચૈત્ર સુદ ૧૧ રવિવારથી તા. ૭-૪-૨૦૦૯, ચૈત્ર સુદ-૧૩, મંગળવાર સુધી ત્રિદિવસીય મહોત્સવરૂપે ઊજવવામાં આવશે. આ પ્રસંગે શ્રી રત્નત્રયવિધાન, ધાર્મિકવર્ગ તથા ભક્તિના વિશેષ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આપ સૌ લાભ લેવા જરૂર પધારશો એવું અમારું ધર્મવાત્સલ્યભીનું આમંત્રણ છે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

# * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨૩-૪-૨૦૦૯ ગુરુવારથી થી તા. ૧૨-૫-૨૦૦૯ મંગળવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક- શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

# ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | ચિમનલાલ ઠાકરશી મોદી, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૦૯

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (બૃહદ્-દ્રવ્યસંગ્રહ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન :**—તા. ૪-૪-૨૦૦૯, શનિવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૭મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

**મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ :**—તા. ૭-૪-૨૦૦૯, ચૈત્રસુદ ૧૩, મંગળવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

❁

તત્ત્વદૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે ભાઈ! અરે! અનંતકાળથી એણે પરનો—નિમિત્તનો, રાગનો અને પર્યાયનો અભ્યાસ કર્યો છે, એને પોતાનાં જ્ઞેય માન્યા છે, પણ જ્ઞાન—જ્ઞાતા—જ્ઞેય બધું જ હું એક છું એમ અંતર્મુખ થઈ અભેદનો અભ્યાસ કર્યો નથી! પણ બાપુ! જન્મ-મરણ રહિત થવાની ચીજ તો અંતઃપુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે.

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૦મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૦મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૦મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૨-૪-૨૦૦૯ બુધવારથી તા. ૨૬-૪-૨૦૦૯ રવિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ષોડશકારણભાવના-વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૨૨-૨૩-૨૪ ત્રણ દિવસ ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં સમ્યક્‌ત્વ જયંતી પ્રસંગે તા. ૨૦-૩-૨૦૦૯ શુક્રવારના રોજ રાખેલ છે.]

*નિમંત્રક*

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ

મુંબઈ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આત્મા તો એકલો મૌનસ્વરૂપ જ છે. એ ક્યાં વાણીને કરે છે ને વિકલ્પનેય કરે છે! આત્મા વિકલ્પને કરે છે એ તો જૂઠીનયનું કથન છે. આસ્રવતત્ત્વ આત્મામાં છે જ નહિ. આમ બોલ્યો ને આમ કહેવું ને આમ સમાધાન કરવું...આહાહા ! વાણીને શું કરી શકાય છે?—કે તે આમ બોલે ને કહે! ૪૭૪.

❀ શ્રોતા :—પર્યાય પર્યાયથી પોતાથી સ્વતંત્ર થાય છે તો દ્રવ્યને કારણ કેમ કહેવાય છે?

પૂજ્ય ગુરુદેવ :—પર્યાય પર્યાયથી સ્વતંત્ર જ થાય છે પણ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ કહેવાય છે. કારણપરમાત્માથી કાર્યપરમાત્મા થાય છે, ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ-નિમિત્ત કહેવાય છે. દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યનો આશ્રય પણ કહેવાય. કારણવસ્તુ તો ત્રિકાળ છે પણ એને કારણ ક્યારે કહેવાય? —કે જ્યારે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે ત્રિકાળી દ્રવ્યને કારણ કહેવાય છે. આવી વસ્તુસ્થિતિ છે તેને સમજતાં ખોટું પાણી ઉતરી જાય ને સાચું પાણી ચડી જાય એવી વાત છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરતું નથી, પર્યાય પર્યાયથી થાય છે, પણ એ વાત જગતને આકરી પડે તેવી સૂક્ષ્મ છે. પર્યાય પર્યાયથી થાય છે—એ જાણવાનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ ને દૃષ્ટિ કરવી તે છે. બધાનો સાર તો પર્યાયને અંતરમાં વાળવી તે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે. ૪૭૫.

❀ 'सदव्वाओ सुगई परदव्वाओ दुगई।' (મોક્ષપાહુડ, ગાથા) ભગવાન ત્રણલોકના નાથની ભક્તિનો રાગ ઊઠવો તેને પણ દુર્ગતિ કહે છે. શુભરાગથી સ્વર્ગ, શેઠાઈ મળે છે, એ પણ પરમાર્થે દુર્ગતિ છે; સુગતિ તો એક મોક્ષ જ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એ દુર્ગતિ છે, એમાં ચૈતન્યની સુગતિ નથી. નિજ ભગવાન આત્મા ઉપર લક્ષ જાય એ એક જ સુગતિ છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભવોભવ સમવસરણમાં ભગવાનની પૂજા-ભક્તિ કરી, પણ એ તો પરદ્રવ્યનું લક્ષ છે તેથી દુર્ગતિ છે. ગૃહસ્થને પાપથી બચવા માટે શુભભાવ હોય છે, આવે છે, તેને વ્યવહારથી ઉપાદેય પણ કહેવાય છે, પણ તેમાં પરદ્રવ્યનું લક્ષ હોવાથી તે ચૈતન્યની સુગતિ નથી. સુગતિ તો એક જ નિજ કારણપરમાત્માના લક્ષથી જ થાય છે. હવે તો અહીં ૪૧-૪૧ વર્ષ થયા છે; સૂક્ષ્મ વાતો ઘણી સ્પષ્ટતાથી કહેવાય છે; પોતાના હિત માટે સમજીને અંદરમાં પચાવવાની આ વાતો છે, કાને પડવી એ પણ મહાભાગ્ય છે. ૪૭૬.

આત્મધર્મ
માર્ચ-૨૦૦૯
અંક-૭ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય *

સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં–આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે?– એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?– એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.–આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org